## જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૦૩/૨૦૨૫ મંગળવાર**

### અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૯૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૭ લીટર દેશી દારૂ, ૧૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩૭ બિયર ટીન, ૧ટ્રક અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૬૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૯૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૩૯૭/૨૦૨૫**

**ક્રાઇમ બ્રાન્ચઃ** ઉમેશભાઇ મગનભાઇ અમીન (ઉ.વ.૪૭) (રહે. પ્રગતિ સોસાયટી ભૈરવનાથ મણીનગર) એ તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી/૨૦૨૪ થી માહે/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી કુશાલ રાજપુત નાઓએ પોતે કેનેડા દેશ કલગરીમાં કલગરી કેનેડા બી.૫૩ ક્રોકુટ ક્રેસેન્ટ ન્યુ સુલ્ટ ૪૩૨ કલગરી એબી યુ૩જે૬૮૬ કેનેડા તથા અન્ય બીજી બે હેમીલ્ટન કેનેડા તથા હેલીફેક્સ કેનેડા ખાતે ઓફીસ ધરાવી કેનેડા લોગ્રૃપ પી.સી. નું કામ કરતા હોવાનું જણાવી ઈન્ટાગ્રામ આઇ.ડી. મારફતે લોભામણી જાહેરાતો આપી તથા પી.પી.આઈ લેટર વોટ્સઅપ દ્વારા મોકલી વિશ્વાસમાં લઈ, તેમના પાર્ટનર (૧) વિવેક અલ્પેશભાઇ પટેલ (૨) વૃંદાબેન વિવેકભાઇ પટેલ (બન્ને રહે. ગામ- કાસોર ગાયત્રી મંદિર પાસે ગાળીયાની ખડકી ભાલેજ ગામ પાસે તા.જી.આણંદ) તથા (૩) કુશાલ રાજપુત (રહે. કેનેડા) (મુળ વતન.અજમેર રાજસ્થાન) એ ભેગા મળી ઉમેશભાઇ અમીનના ક્લાયન્ટો તથા ઉમેશભાઇ અમીન પાસેથી વિવેક અલ્પેશભાઇ પટેલ તેમજ વૃંદાબેન પટેલ નાઓના બેન્ક ખાતામાં કુલ રૂપિયા ૪૫,૦૦,૦૦૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઇ વિઝાનું કામ નહી કરી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઇ.શ્રી કે.બી.સરવૈયા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૯૮/૨૦૨૫**

**રખિયાલઃ** પ્રકાશભાઇ શંકરજી ચૌહાણ (રહે. શ્રીનાથનગર ઘંટી બસ સ્ટેન્ડ સામે ભીલવાડા રબારી કોલોની રોડ અમરાઈવાડી) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૩/૨૦૨૫ રાતના ૯/૦૦ થી તા.૨૪/૦૩/૨૦૨૫ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ અર્ચના એસ્ટેટ બેનર એસ્ટેટ વાળી ગલીમાં પાર્ક કરેલ પોતાની મીની ટ્રક નંબર જીજે ૨૭ ટીડી ૧૭૮૬ કિમત રૂપિયા ૪,૬૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૯૯/૨૦૨૫**

**ઓઢવઃ** ઓઢવ અનુપ એન્જીનીયરીંગ પ્રા.લી.કંપનીમાં નોકરી કરતા અને ત્યા જ રહેતા ભરતભાઈ રમેશભાઈ વેગડ તા.૨૪/૦૩/૨૦૨૫ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે કંપનીમાં કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને બાપુનગર જનરલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૦૦/૨૦૨૫**

**એલીસબ્રીજઃ** હસમુખભાઇ રમેશભાઇ સોંલકી (ઉ.વ.૩૨) (રહે. જેઠામેઘાની ચાલી માયાનગર ડો.આબેડકર કોલોની સામે આંબાવડી એલીસબ્રીજ) એ અગમ્ય કારણસર તા. ૨૪/૦૩/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘરની બાજુમાં આવેલ રેલવેના પાટા પાસે જઇ ટ્રેઈન નિચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ધર્મરાજસિંહ કિરીટસિંહ ચલાવે છે.

**રામોલઃ** પાયલબહેન વા/ઓ બીજલ પ્રજાપતી (ઉ.વ.૨૯) (રહે. માતૃ સાનિધ્ય સદગુરૂ સાનિધ્યની બાજુમા ન્યુ મણીનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૩/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં સ્ટીલના સાવર સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “આઇ” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી